# અંકુશરેખા પર ગોળીબારના કારણે સ્ફોટક સ્થિતિ

શ્રીનગર,તા. ૧૮

ભારતની જોરદાર કાર્યવાહી કરવાની ચેતવણી મળી હોવા છતાં તેની કોઇ ચિંતા કર્યા વગર પાકિસ્તાને આજે ફરીએકવાર અંકુશ રેખા પર યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. જો કે આમાં કોઇ ખુવારી થઇ નથી પરંતુ ગોળીબારના કારણે વિસ્ફોટક સ્થિતિ સર્જાઇ ગઇ હતી. જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લામાં નૌસેરા સેક્ટરમાં અંકુશ રેખા ખાતે સેનાની બે ચોકીને ટાર્ગેટ બનાવીને પાકિસ્તાની સેનાએ ભારે ગોળીબાર કર્યો હતો. અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પાકિસ્તાન દ્વારા સતત ભીષણ ગોળીબાર કરવામાં આવી રહ્યો છે જેથી આંતરરાષ્ટ્રીય સરહદની નજીક આવેલા ગામોના લોકોમાં દહેશત ફેલાઇ ગઇ છે.બે દિવસ પહેલા યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાની રેન્જર્સ દ્વારા જમ્મુ જિલ્લાના કેટલાક ગામ અને પાંચ સરહદી ચોકી ઉપર ભારે ગોળીબાર અને મોર્ટારનો મારો ચલાવ્યો હતો. બે દિવસ પહેલા બીએસએફના અધિકારીએ કહ્યું છે કે, પાકિસ્તાની રેન્જરોએ જમ્મુ કાશ્મીરના આરએસપુરા સેક્ટર નજીક આંતરરાષ્ટ્રીય સરહદ પાસે વહેલી પરોઢે ગોળીબાર શરૂ કર્યો હતો. નાગરિક વિસ્તારોને પણ ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા. કલાકો સુધી ગોળીબારની રમઝટ જારી રહી હતી. પાકિસ્તાની રેન્જર્સોએ કાનાચક, અખનુર સેક્ટર બાદ હવે આરએસપુરા સેક્ટરમાં પણ ગોળીબાર કર્યો હતો. સરહદી વિસ્તારમાં રહેતા લોકોમાં પણ દહેશત ફેલાઇ ગઇ છે. પાંચમી જુલાઇના દિવસે પાકિસ્તાની સેનિકો દ્વારા કરવામાંઆવેલા યુદ્ધવિરામના ભંગમાં એક જવાનનુ મોત થયુ હતુ.છઠ્ઠી જુલાઈના દિવસો પાકિસ્તાની સેનાએ જમ્મુના અર્ણિયા સેક્ટરમાં બીએસએફની ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. નૌગામમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. નવમી જુલાઇના દિવસે આ જ સેક્ટરમાં આવા જ એક બનાવમાં વધુ એકનુ મોત થયુ હતુ. સુરક્ષા સંસ્થાઓ પહેલાથી જ કહી રહી છે કે સરહદ પારથી હાલમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ ઘુસણખોરી કરી શકે છે. યુદ્ધવિરામના ભંગના બનાવ સતત વધી રહ્યા છે. ભારતીય સેનાએ હાલમાં જ કઠોર કાર્યવાહી કરવાની ધમકી આપી હતી. આ સપ્તાહની શરૂઆતમાં જ ટોપના ભારતીય કમાન્ડરે ચેતવણી આપતા કહ્યું હતું કે, જો જરૂર લાગશે તો વધુ કઠોર કાર્યવાહી કરવામાં આવશે. છેલ્લા બે સપ્તાહના ગાળામાં યુદ્ધવિરામ ભંગના બનાવ વધી ગયા છે. સૈનિકોને સુચના શું આપવામાં આવેલી છે તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, ભારતીય સેનાના જવાન જડબાતોડ જવાબ આપશે. અંકુશરેખા પર સ્થિતિ સુધારવાના પ્રયાસ થઇ રહ્યા છે. આ મહિનામાં સરહદ ઉપર યુદ્ધવિરામના ભંગના ઘણા દાખલા બની ચુકયા છે. પાંચમી જુલાઈ, છઠ્ઠી જુલાઈ, નવમી જુલાઈ, ૧૫મી જુલાઈના દિવસે યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાન દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. ૧૫મી જુલાઈના દિવસે પાકિસ્તાને સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં એક મહિલાનું મોત થયું હતું અને બીએસએફના બે જવાન સહિત ૭ લોકો ઘાયલ થયા હતા.

## પાકિસ્તાને મિઠાઇ સ્વીકારવાનો ઇન્કાર કર્યો

અમૃતસર,તા. ૧૮



અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ભારત અને પાકિસ્તાન વચ્ચે પ્રવર્તી રહેલી તંગદિલી વચ્ચે પાકિસ્તાની સૈનિકોએ પંજાબમાં વાઘા ખાતે સરહદી ચેકપોસ્ટ ઉપર ઈદના પ્રસંગે બીએસએફના અધિકારીઓ તરફથી ઓફર કરવામાં આવેલી મિઠાઈઓ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો હતો. બંને દેશોના સરહદી સુરક્ષા દળો તહેવાર ઉપર પરંપરા મુજબ મિઠાઈની આપલે કરતા રહે છે. પંજાબના અમૃતસર ખાતે અટારી વાઘા સરહદ અને જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર મિઠાઈઓની આપલે કરવામાં આવે છે. બીએસએફના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (અમૃતસર) એમએફ ફારુકીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, ઈદના પ્રસંગે મિઠાઈઓ આપવાની પરંપરા રહેલી છે. આ વખતે પણ ઈદના દિવસે મિઠાઈ આપવામાં આવી હતી પરંતુ આજે પાકિસ્તાની સૈનિકોએ મિઠાઈ સ્વીકારી ન હતી. તેમણે ઉમેર્યું હતું કે, અમે હંમેશા સરહદ ઉપર શાંતિ જાળવી રાખવા માટે પ્રયત્નશીલ રહીએ છીએ. જો કે, બીએસએફે આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પાકિસ્તાની સમકક્ષોને મિઠાઈની આપલે કરી ન હતી.

અધિકારીઓનું કહેવું છે કે, મોટા તહેવાર દરમિયાન ભારત અને પાકિસ્તાનની સરહદ ઉપર મિઠાઈઓની આપલે કરવામાં આવે છે. આજે ઘણી જગ્યાઓએ મિઠાઈની આપલે કરવામાં આવી હતી. અધિકારીઓનું કહેવું છે કે, ગુરદારપુર (પંજાબ), રાજસ્થાન અને ગુજરાત જેવા સ્થળમાં કેટલાક નાનકડા પોઇન્ટ ઉપર મિઠાઈઓની આપલે કરવામાં આવી ન હતી.

# આઈપીએલમાં રહેલા દૂષણ દૂર કરવા પગલાઓ લેવાયા નથી : શશાંક


કોલકાતા,તા. ૧૭

બીસીસીઆઈના ભૂતપૂર્વ પ્રમુખ શશાંક મનોહરે આજે કહ્યું હતું કે, આઈપીએલમાં રહેલા દૂષણોને દૂર કરવા માટે બીસીસીઆઈ દ્વારા કોઇ પગલા લેવામાં આવ્યા ન હતા. હવે બીસીસીઆઇ પાસે કોઇ વધારે વિકલ્પ રહ્યા નથી. લોધા કમિટિની ભલામણોને સ્વીકારવા સિવાય તેની પાસે વિકલ્પ દેખાતા નથી. પત્રકારો સાથે વાતચીત કરતા મનોહરે કહ્યું હતું કે, બીસીસીઆઈએ તેની ઈમેજને સુધારવા માટે કોઈપણ પગલા લીધા નથી. હવે બોર્ડ પાસે વિકલ્પ રહ્યા નથી જેથી લોધા કમિટિની ભલામણોને અમલી બનાવવી પડશે. તેમણે એમ



પણ કહ્યું હતું કે, બીસીસીઆઈના વલણના કારણે સુપ્રીમ કોર્ટ દ્વારા લોધા કમિટિની નિમણૂંક કરવામાં આવી હતી. સાથે સાથે તેને પગલા લેવા માટે કહેવામાં આવ્યું હતું. આઈપીએલમાં રહેલા દૂષણને દૂર કરવા માટે કોઇ પગલા લેવાયા ન હતા. બોર્ડનું કામ કોર્ટ દ્વારા કરવામાં આવ્યું છે. બીસીસીઆઈ બિલકુલ નિષ્ક્રિય ભૂમિકામાં છે. સંસ્થાના હિતમાં ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. લોકોના દિમાગમાં આત્મવિશ્વાસને ફરી બેસાડવા માટે ઘણા પગલા હવે જરૂરી બની ગયા છે. શશાંક મનોહરે બીસીસીઆઈનાવર્તમાન પ્રમુખ જગમોહન દાલમિયા સાથે વાતચીત કરી હતી.

મનોહરે એન શ્રીનિવાસનની જોરદાર ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, તમિળનાડુના શક્તિશાળી નેતાએ બીસીસીઆઈના પ્રમુખ તરીકે એવખતે રાજીનામુ આપી દેવાની જરૂર હતી જ્યારે વર્ષ ૨૦૧૩માં સ્પોટ ફિક્સિંગ કૌભાંડનો મામલો સપાટી ઉપર આવ્યો હતો. શ્રીનિવાસને એ વખતે રાજીનામુ આપ્યું હોત તો સ્થિતિમાં તે વખતે સુધારો રહ્યો હોત. આઈસીસીના ચેરમેન તરીકે પણ શ્રીનિવાસનને રાજીનામુ આપવાની જરૂર છે. મંગળવારના દિવસે લોધા કમિટિએ આઈપીએલની બે ફ્રેન્ચાઈસીસ ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ ઉપર બે વર્ષ માટે પ્રતિબંધ મુક્યો હતો. જ્યારે ચાવીરુપ અધિકારી મય્યપન અને રાજ કુંદ્રા ઉપર આજીવન પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.



## જગન્નાથ પુરી ખાતે રથયાત્રામાં ધક્કામુક્કી : ૨ મહિલાના મોત, ૧૫ ઈજાગ્રસ્ત

જગન્નાથ પુરી, તા. ૧૮

ભારતના ચાર ધામ પૈકીના એક એવા સુપ્રસિધ્ધ યાત્રાધામ ઓરિસ્સાના જગન્નાથપુરી ખાતે આજથી પ્રારંભ થયેલ પરંપરાગત રથયાત્રામાં માનવ મહેરમણ ઉમટયું હતું. શ્રધ્ધાળુઓ દ્વારા રથને ખેંચવાના પ્રયત્નમાં થયેલ ધક્કામુક્કીના કારણે બે મહિલાઓના કરૂણ મોત નીપજયા હતા અને ૧૫ જેટલી અન્ય મહિલા શ્રધ્ધાળુઓ ઘાયલ થવા પામી હતી.

ભગવાન જગન્નાથના દર્શનાર્થે ઉમટેલ હકડેઠઠ માનવમેદનીમાં મહિલાઓ દ્વારા રથના રસ્તાને ખેંચવા માટે ધક્કામુક્કી સર્જાઈ હતી. ઈજા પામેલ મહિલાઓને કટક ખાતે એસીબીસી મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. ઓરિસ્સાના ડાયરેકટર જનરલ ઓફ પોલીસ સંજીવ માનિકે જણાવ્યું હતું કે હોસ્પિટલના સુત્રો દ્વારા પ્રાપ્ત થયેલ વિગતો અનુસાર ૬૫ વર્ષીય એક વૃધ્ધા સહિત બે મહિલાના મોત નિપજયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ઓરિસ્સાના પુરી ખાતે યોજાતી આ રથયાત્રા ૯ દિવસ સુધી ચાલે છે અને તેમાં ભારતભરમાંથી લાખો શ્રધ્ધાળુઓ દર્શન માટે ઉમટી પડે છે.

## વ્યાપમ કાંડ : પરીક્ષા પ્રક્રિયાનું ઓડિટ કામ ક્યારે કરાયું નથી

નવી દિલ્હી,તા. ૧૮

વ્યાપમ કૌભાંડને લઈને ઉંડી તપાસ ચાલી રહી છે ત્યારે હવે આરટીઆઈ અરજીના જવાબમાં આજે ચોંકાવનારી વિગત સપાટી ઉપર આવી છે કે, ૧૯૭૦માં મધ્યપ્રદેશ પ્રોફેશનલ એક્ઝામિનેશન બોર્ડની રચના કરવામાં આવ્યા બાદથી રાજ્ય સરકારે ક્યારે પણ તેના ગુપ્ત ખાતાના ઓડિટની પ્રક્રિયા હાથ ધરી નથી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આરટીઆઈ અરજીના જવાબમાં આ મુજબની બાબત સપાટી ઉપર આવી છે. લોકલ ફંડ ઓડિટ અને કમિશનર વચ્ચે વાતચીત દર્શાવે છે કે, તેમના રુલબુકમાં બોર્ડના ગુપ્ત ખાતાઓના ઓડિટનો કોઈપણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. બોર્ડ દ્વારા દર વર્ષે ૪૦થી ૫૦ પરીક્ષા લેવામાં આવે છે જેના ઉપર કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. અલબત્ત બોર્ડની બહારની પ્રવૃત્તિની ઓડિટની પ્રક્રિયા કરવામાં આવી છે પરંતુ બોર્ડના ગુપ્ત ખાતાઓમાં ક્યારે પમ તપાસ કરવામાં આવી નથી. તેની રચના કરવામાં આવ્યા બાદથી તેમાં ધ્યાન અપાયું નથી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, અમે રાજ્ય સરકારના ગુપ્ત એકાઉન્ટના ઓડિટ કરવા માટે કહેવામાં આવ્યુંછે. લોકલ ફંડ ઓડિટના ડિરેક્ટોરેટ પાસેથી મળેલી અન્ય એક માહિતીમાં જણાવવામાં આવ્યું છે કે, સ્ટ્રોંગ રુમમાં ઓએમઆરશીટના રેકોર્ડને જાળવવા માટે ૨૦૦૮માં વ્યાપક ગેરરીતિઓ જોવા મળી હતી. વ્યાપમ કૌભાંડથી હાલ દેશભરમાં ભારે ખળભળાટ મચી ગયો છે. વ્યાપમ કૌભાંડ સાથે સંબંધિત ૪૫ લોકોના મોત થઇ ચુક્યા છે જેપૈકી મોટાભાગના લોકોના બિનકુદરતીરીતે અથવા તો રહસ્યમય સંજોગોમાં થયા છે. આ કૌભાંડની તપાસ હાલમાં જ સુપ્રીમ કોર્ટ દ્વારા સીબીઆઈને સોંપી દેવામાં આવી હતી. સીબીઆઈ દ્વારા શુક્રવારના દિવસે ત્રણ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી જેપૈકી એક એફઆઈઆર નમ્રતા ડામોરના રહસ્યમય મોત સાથે સંબંધિત છે. સીબીઆઈએ પાંચ કેસ નોંધ્યા છે. જેથી આ કૌભાંડના સંદર્ભમાં હજુ સુધી નોંધાયેલા કેસોની સંખ્યા વધીને આઠ ઉપર પહોંચી છે.

## આમિર ખાને બજરંગી ભાઈજાન ફિલ્મને જોઈ

મુંબઈ,તા. ૧૮

બોલીવુડના સુપરસ્ટાર આમિર ખાને ઈદના દિવસે પરિવાર સાથે ઉજવણી કરી હતી. ૪૯ વર્ષીય આમિર ખાને કહ્યુંછે કે, ઈદ તહેવારનો મતલબ પરિવાર સાથે સમય ગાળવાનો હોય છે. ઉજવણી ઉપરાંત તે સલમાન



ખાનની ફિલ્મ બજરંગી ભાઈજાન નિહાળી ચુક્યો છે. ૧૭મી જુલાઈ ૨૦૧૫ના દિવસે સલમાન ખાનની ફિલ્મ બજરંગી ભાઈજાન રજૂ કરવામાં આવી હતી. બીજી બાજુ શાહરુખખાને બજરંગી ભાઈજાનનો પ્રથમ લૂક જારી કર્યો હતો. આ ફિલ્મમાં કરીના કપૂર, નવાઝુદ્દીન સિદીકી, હરશાલી મલ્હોત્રા જેવા કલાકારો કામ કરી રહ્યા છે.

# ડિઝલ અને પેટ્રોલના ભાવમાં જંગી ઘટાડો થાય તેવા સંકેત

નવી દિલ્હી,તા. ૧૮

સામાન્ય લોકો માટે સારા સમાચાર છે. કારણ કે મોંઘવારી ઘટવાના સંકેત દેખાઇ રહ્યા છે. ઈન્ટરનેશનલ રેટિંગ અને રિસર્ચ કંપની ક્રિસિલના જણાવ્યા મુજબ આવનાર સમયમાં ડીઝલ અને પેટ્રોલની કિંમતમાં ૭ રૂપિયા સુધીનો ઘટાડો કરવામાં આવી શકે છે. જ્યારે સોનાની કિંમત ૨૫ હજાર રૂપિયા સુધી નીચે પહોંચે શકે છે. ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં પણ ઉલ્લેખનીયરીતે ઘટાડો થઇ શકે છે. મોંઘવારી પર સંપૂર્ણરીતે કાબુ આવે તેવી શક્યતા દેખાઇ રહી છે. આનુ મુખ્ય કારણ એ છે કે આવનાર દિવસોમાં ક્રુડ ઓઇલની કિંમતમાં ભારે ઘટાડો થઇ શકે છે. ફોરેન ઈન્વેસ્ટરો ગોલ્ડ માર્કેટ તરફ આગેકુચ કરી રહ્યા નથી. મુડીરોકાણમાં ઘટાડો થઇ રહ્યો છે.ક્રિસિલે અંદાજ મુકયો છે કે વષ૨૦૧૬માં ભારતમાં ક્રુડ ઓઇલની કિંમત ૪૫ ડોલર સુધી ઘટી શકે છે. ક્રુડમાં ઘટાડો થવાના



કારણે ભારતને મોંઘવારી પર અંકુશ મુકવામાં મદદ મળી શકે છે. આની સાથે સાથે ઓઇલ માર્કેટિંગ કંપનીઓના બિલમાં ઘટાડો થઇ શકે છે. ઓઇલ માર્કેટિંગ કંપનીઓને ૨૦૦૦-૨૫૦૦ કરોડ રૂપિયાનો ફાયદો થઇ શકે છે. રિપોર્ટ મુજબ આનાથી પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ૭ રૂપિયા સુધી ઘટાડો થઇ શકે છે.

ખાદ્ય ચીજવસ્તુઓ સિવાય અન્ય કોમોડિટી જેમ કે સોના અને સ્ટીલની કિંમતમાં ઘટાડો થઇ શકે છે.સોનાની કિંમતમાં તો ઉલ્લેખનીયરીતે ઘટી શકે છે. હાલમાં ઈન્ટરનેશનલ માર્કેટમાં સોનાની કિંમત ૧૧૪૫ ડોલર પ્રતિ ઓન્સની આસપાસ છે. આવી સ્થિતીમાં ભારતમાં સોનાની કિંમત ૨૫૭૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે. જો સોનાનો ભાવ પ્રતિ ઓન્સ ૧૦૦૦ ડોલર પ્રતિ ઓન્સ સુધી નીચે આવી જશે તો ભારતમાં સોનાની કિંમત ૨૪૦૦૦થી ૨૫૦૦૬ વચ્ચે આવી શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ગ્રીસ સંકટ હજુ દુર થવામા સમય લાગી શકે છે. ચીનમાં નરમીનો દોર જારી રહે તેવા સંકેત દેખાઇ રહ્યા છે. આવી સ્થિતીમાં માંગમાં ઘટાડો થઇ શકે છે.

## ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદથી જનજીવન સંપૂર્ણપણે ખોરવાયું

લખનૌ, તા. ૧૮

પૂર્વીય ઉત્તરપ્રદેશના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઇ ગયું છે. રાજ્યના ઘણા ભાગોમાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. બીજી બાજુ ભારે વરસાદના પરિણામ સ્વરુપે મોટી નદીઓમાં જુદા જુદા સ્તર પર પાણીની સપાટી ભયજનક સ્તર પર



પહોંચી ગઈ છે. શારદા અને ઘાઘરા જેવી મોટી નદીઓમાં જુદા જુદા સ્તર પર પાણીની સપાટી પાલિયાકાલન બ્રિજ ઉપર ભયજનક સ્તરને પાર કરી ગઈ છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, જુદા જુદા વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો છે જેમાં સેન્ડીલા, લાલગંજ, ઓડિયા, રસરા, બાંદા, કાનપુર, પાલિયાકાલનનો સમાવેશ થાય છે. સેન્ટ્રલ વોટર કમિશનના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, રાત બલરામપુર, રામગંગા જેવી નદીઓમાં પણ પાણીની સપાટી સતત વધી રહી છે. યમુના નદીમાં પણ પાણીની સપાટી વધી છે. મથુરા અને માવીમાં યમુના મદીમાં પાણીની સપાટી વધી ગઈ છે. હવામાન વિભાગ તરફથી આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, હજુપણ ભારે વરસાદ પડી શકે છે. પૂર્વીય ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદ થઇ રહ્યો છે. પશ્ચિમી વિસ્તારોમાં પણ ભારે વરસાદ પડ્યો છે. ઉત્તર ભારતના ઘણા ભાગોમાં ભારે વરસાદ નોંધાયો છે જેમાં પંજાબ, હરિયાણાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીરના વિવિધ ભાગોમાં પણ ભારે વરસાદ થયો છે જેથી ઘણા વિસ્તારોમાં પાણી પણ ભરાયા છે. વિજ પુરવઠાને પણ અસર થઈ છે.

# ગિલાની સમર્થકોનું શ્રીનગર-અનંતનાગમાં હિંસક પ્રદર્શન

શ્રીનગર, તા. ૧૮

ઈદની નમાઝ અદા કરવામાં આવ્યા બાદ આજે ખીણમાં ફરી એકવાર તંગદિલી ફેલાઈ ગઈ



હતી. નમાઝ બાદ હુર્રિયતના કટ્ટરપંથી નેતા સૈયદ અલીશાહ ગિલાનીના સમર્થકોએ ભારે ધાંધલ ધમાલ મચાવી હતી. સૈયદ અલીશાહ ગિલાનીને ઘરમાં નજરકેદ કરી દેવામાં આવ્યા બાદ આને લઈને જોરદાર વાંધો સમર્થકોએ ઉઠાવ્યો હતો અને ભારે ધાંધલ મચાવી હતી. એટલું જ નહીં ગિલાનીના સમર્થકોએ સતત બીજા દિવસે પાકિસ્તાન અને આઈએસના ધ્વજ પણ લહેરાવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, શુક્રવારના દિવસે પણ નૌહટા વિસ્તારમાં સ્થિત જામા મસ્જિદમાં નમાઝ બાદ કેટલાક યુવાનોએ લશ્કરે તોઈબા અને આઈએસના ધ્વજ લહેરાવીને અલગતાવાદી તરફી નારાઓ લગાવવા લાગી ગયા હતા. આ ઉપરાંત આ લોકોએ તિરંગા ધ્વજનું અપમાન કર્યું હતું અને તિરંગા ધ્વજને આગ ચાંપી દીધી હતી. આજે શ્રીનગર અને અનંતનાગમાં પ્રદર્શનકારીઓની પોલીસ સાથે જોરદાર અથડામણ થઈ હતી. પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. જેમાં ઘણા લોકો ઘાયલ થયા હતા. વહીવટીતંત્રએ ૧૫મી એપ્રિલના દિવસે દિલ્હીથી પરત ફર્યા બાદ નજરકેદ હેઠળ ગિલાનીને પકડી લીધા છે. ગિલાનીને નમાઝ અદા કરવાની તક પણ અપાઈ ન હતી. ગઈકાલે જ હુર્રિયતના બે નેતાઓ ઉપર આતંકી ગતિવિધિમાં સામેલ હોવાનો કેસ દાખલ કરાયો હતો. બંને જિલ્લાઓમાં સ્થિતિ હાલમાં કાબૂ હેઠળ છે પરંતુ તંગ બનેલી છે.

## પ્રથમ પ્રાઈવેટ એર ફ્રેટ સ્ટેશન ઓગસ્ટથી શરૂ

ચેન્નાઈ, તા. ૧૮

ભારતમાં પ્રથમ ખાનગી એર ફ્રેટ સ્ટેશન પહેલી ઓગસ્ટથી શરૂ કરવામાં આવશે. આનાથી એરપોર્ટ ગેટવે નજીક ચીજવસ્તુઓ લેવા માટે લાઈનમાં ઉભા રહેવાથી મોટી રાહત મળી જશે. શુક્રવારના દિવસે ચેન્નાઈમાં આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. ૨૦ હજાર સ્કવેર ફુટ વિસ્તારમાં આ સ્ટેશન બનાવવામાં આવનાર છે તેને ત્રણ વર્ષ અગાઉ કસ્ટમ પાસેથી લીલીઝંડી મળી ગઈ હતી પરંતુ ઈલેક્ટ્રોનિક ડેટા ઈન્ટરચાર્જ કનેક્ટીવીટીના અભાવને લીધે તેમાં વિલંબની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. પહેલી ઓગસ્ટના દિવસથી ઓપરેશન શરૂ થઈ જશે. એએફએસની સુવિધા ખુબ જ અસરકારક બને તેવી શક્યતા દેખાઈ રહી છે. યુનિટ લોડ અથવા યુએલડીને સીધીરીતે વિમાનમાંથી બોન્ડેડ ટ્રકમાં ખસેડવામાં આવશે અને જ્યાં અન્ય ઓપરેશનની સુવિધા હોય છે ત્યા ખસેડવામાં આવશે.

## રઝળપાટ (પાના નં. ૪ નું ચાલુ)

યુપીના આઈજી આનંદ સ્વરૂપ કહે છે કે હું હજુ તો નવી જગ્યાએ પહોચી ને સામાન ખોલીને ગોઠવી ના રહ્યો હોવ ત્યાં મારી બદલીનો ઓર્ડર આવી જાય છે. તમને કદાચ અતિશયોક્તિ લાગશે પણ ૧૮ વર્ષની કેરિયરમાં સ્વરૂપની ૩૮ વાર બદલી થઇ ચુકી છે. પોલીસબેડામાં ગુનેગારોના કાળ તરીકે ઓળખાતા આ બાહોશ ઓફિસરને કદાચ એમની કર્તવ્યનિષ્ઠા જ નડતી હશે એવું લાગે છે. પોતાની અંગત લાઈફ અસ્તવ્યસ્ત થઈ ગઈ હોવાને લીધે અને છાસવારે બદલીઓથી કંટાળીને સ્વરૂપ હવે દિલ્હીમાં ડેપ્યુટેશન પર જવા માંગે છે કેમકે ત્યાં પાંચ વર્ષ સુધી એમની બદલી ના થઇ શકે. સારા અને પ્રમાણિક ઓફિસરોનો કામ કરવાનો ઉત્સાહ આ બદલીઓને લીધે નિસ્તેજ અને નબળો પડતો જાય એવા પ્રદેશોમાં લોકશાહી કેવી રીતે જળવાઈ રહે એ વિચારવા લાયક મુદ્દો છે. સ્વરૂપ અને ઠાકુર જેવો જ બનાવ અશોક ખેમકાનો છે. હરિયાણાના આ ઓફિસરે યાદ હોય તો રોબર્ટ વાડરા અને ડીએલએફ વચ્ચેની જમીનોના સોદાનો મામલો ઉઠાવેલો બદલામાં શું મળ્યું??? બદલી...!!! અશોક ખેમ્કાની પણ બીજા સિધ્ધાંતનિષ્ઠ અને ઈમાનદાર ઓફિસરોની જેમ જ ૨૪ વર્ષની કેરિયરમાં ૪૬ વાર બદલી થઇ ચુકી છે...!!! મજાની વાત એ છે કે આવી બદલીઓ અને સસ્પેન્શનના મામલે બધા જ પક્ષો સરખા છે આઈ મીન નેતાઓ સરખા છે. ઈમાનદારી નેતાઓને ખાસ રાસ નથી આવતી કે શું? એવું નથી હોતું કે દરેક કિસ્સામાં રાજકારણી જ જવાબદાર હોય, બની શકે કે ભ્રષ્ટ અમલદારોને પણ સજારૂપે આવી બદલીઓ મળતી હોય છે પણ અત્યારે દેશમાં ચર્ચાને ચકડોળે ચડેલા આ કિસ્સાઓમાં તો વાંકમાં નેતાઓ જ છે...!!!

વાત ખાલી યુપી કે બિહારની નથી થઈ રહી લગભગ દરેક રાજયોમાં આ જ પરિસ્થિતિ છે. જેવી કોઈ નવી સરકાર આવે કે પછી મુખ્યમંત્રી બદલાઈ એટલે સૌથી પહેલું કામ ઓફિસરોની બદલીનું કરાય છે, ખબર નહિ આની પાછળ કયું ગણિત કામ કરતું હશે પણ આ હકીકત છે.શિસ્તભંગના આરોપો લાગવાની બીકે આવા અમલદારો કશુજ બોલ્યા વગર ચુપચાપ નવી પોસ્ટીંગ કે નવી નેતાગીરીની શરણાગતિ સ્વીકારી લે છે પણ અમિતાભ કે ખેમકા જેવા ઓફિસરો પણ છે જે આવી ખોટી પ્રથાનો વિરોધ કરતા અચકાતા નથી. અને આને માટે પણ કેટલી બધી હિમ્મત જોઈએ કેમકે એક બાજુ આખી સરકાર હોય ને એક બાજુ ઓફિસર એકલો. મોટાભાગના કિસ્સામાં તો કીડી પર કટક ચડાઈ કરે એવો સિનારિયો જ હોય છે. સરકારના ઈશારે નાં ચાલનાર ઓફિસર પર જુના કેસો ખોલીને સકંજો પીસ્વો કે પછી શિસ્તભંગના કોરડા વીંઝવા એવા અનેકો ઓપ્શનો સરકારો પાસે મોજુદ હોય છે. સસ્પેન્ડ થયા પછી અમિતાભ ઠાકુરે સરસ વાત કહી કે હું સસ્પેન્ડ થયો પછી સરકારને મેં મારી નોકરી દરમ્યાન ક્યાં ક્યાં ખોટું કર્યું એની તપાસ કરવાની જરૂર પડી, મતલબ કે જયાં સુધી મેં વિદ્રોહ કે વિરોધ નહોતો કર્યો ત્યાં સુધી બધું બરાબર હતું...!!

રવીશકુમારના એકરિંગમાં એનડીટીવી પર રોજ રાત્રે આવતા અચૂક જોવાલાયક પ્રોગ્રામ પ્રાઈમટાઈમમાં અમિતાભને આ જ પ્રૅં પુછાયેલો કે તમે સર્વિસ મેન્યુલનો ભંગ કર્યો છે? ઠાકુરે સરસ જવાબ આપેલો કે હું ભારતનો આમ નાગરિક પહેલા છું, મને પણ બીજા લોકોની જેમ વાણીસ્વાતંત્ર્ય અને માહિતીનો અધિકાર મળેલો છે અને મારા ખાલી સમયમાં મને ગમતું કામ કે પ્રવૃત્તિ કરવાની મને પણ છૂટ છે જ. પદ પર રહેતી વખતે મેં મારી ફરજમાં બેદરકારી કરી હોય એવું બન્યું નથી તો ભારતના બીજા સામાન્ય નાગરિકોની જેમ જ જો હું પણ કોઈ ખોટી પ્રવૃત્તિ કે વ્યક્તિઓ વિષે અવાજ ઉઠાવું કે માહિતી માંગવાનો પ્રયાસ કરું તો એમાં કોઈ શિસ્તભંગ કેવી રીતે થઈ? ફેસબુક કે ટવીટર એ મારી અંગત લાગણીઓ વ્યક્ત કરવાનું માધ્યમ છે અને એક નાગરિક તરીકે એનો ઉપયોગ કરવાનો મને પણ એટલો જ હક્ક છે. જો કે એ હકીકત છે કે સર્વિસ મેન્યુલમાં આવી મનાઈ છે પણ ઠાકુર કહે છે કે હવે એ સમય આવી ગયો છે કે શિસ્તના નામે અધિકારીઓના મો બંધ કરાવવાને બદલે સરકારી અમલદારો કે નોકરીયાતો પણ ખુલ્લા મંચ પરથી પોતાને થતા અન્યાય કે કોઈ ગેરકાનૂની પ્રવૃત્તિ કે વ્યક્તિઓને બદલી કે સસ્પેન્શનની બીક રાખ્યા વગર ખુલ્લા પાડી શકે એમના વિષે જનતાને જણાવી શકે અને જરૂર લાગે તો એને આંદોલનનું સ્વરૂપ પણ આપી શકે. જો આવું થઈ શકે તો ઠીક નહીતર સરકાર વર્સીસ અમિતાભ/ખેમકા/સ્વરૂપ જેવા બનાવો બન્યા જ કરશે અને સરવાળે નુકશાન આમ જનતા અને લોકશાહીને જ થવાનું..!!!!

**વિસામો :**

અમિતાભ ઠાકુરે કરેલી એક આરટીઆઈના સરકારે આપેલા જવાબ મુજબ યુપીમાં આઈપીએસ પછીની રેન્ક ધરાવતી પ્રોવિઝનલ પોલીસ સર્વિસ (પીપીએસ)ની પોસ્ટીંગમાં બદલીનો ગાળો અઢી મહિનાનો છે...!!